પેપર-૧ (કાયદો) પ્રશ્નપત્રની સુચનાઓ:

## સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં

## ઉમેદવારોને સુચના :

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C અને D પૈકી કોઈ એક છે, બધાજ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

તમારે આ સાથે અલગ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ

(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMRSHEET) માં

Ⓐ Ⓑ ● Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "C" છે. આથી "C" નું વર્તુળ કાળું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ડાર્ક કરવા બાબતની સૂચના OMR ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી

(2) 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠેરાવવામાં આવશે તેમજ ગેરશિસ્ત બદલ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) ઉમેદવારે પોતાના બેઠક નંબરની પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક નંબર નીચે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપત્રની સીરીઝ નિયત જગ્યાએ લખીને તેની નીચે તે સીરીઝ સામે આપેલ વર્તુળમાં પણ ડાર્ક (encode) કરવાનું રહેશે. લખેલી વિગતો અને ડાર્ક (encode) કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(5) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. આ પરીક્ષામાં માઇનસ પધ્ધતિ રાખવામાં આવેલ નથી.

આન્સર કી ફાઈનલ કરતી વખતે જો બોર્ડ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે ત્યારે સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (1) ગુણ મળવાપાત્ર થશે.

(6) OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) **OMR** ઉત્તરપત્રના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. ઉમેદવારની સહી વિનાની **OMR** ઉત્તરપત્રવાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કાયદાના પેપર માટે માન્ય કરેલ પુસ્તકો સિવાય જો કોઈ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે તેમજ ગેરશિસ્ત બદલ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. તેમજ પગલા લેવાશે.

(10) ઉમેદવારે વાદળી / કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં તથા સફેદ શાહી **(White Ink),** બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(11) પરીક્ષા પૂરી થયા બાદ **OMR** ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે તથા યોગ્ય તે પગલા લેવામાં આવશે.

## પેપર-૧ (કાયદો) OMR શીટની સુચનાઓ

**OMR Sheetનું મુખ્ય પાનું**


- પરીક્ષા શરૂ થતાં તરત જ ઉમેદવારે પોતાને મળેલ OMR (ઉત્તરપત્ર) અને પ્રશ્નપત્રમાં પ્રિન્ટીંગ ભુલ હોય, ફાટેલ હોય, પ્રિન્ટીંગ બરાબર ન હોય, છાપકામ અધૂરૂ હોય અથવા પ્રશ્નપત્ર ક્રમાંક, OMR (ઉત્તરપત્ર) ક્રમાંક અને તમારો બેઠક નંબર અલગ અલગ હોય તો તુરંત વર્ગ નિરીક્ષક મારફત તે અંગેનું રોજકામ કરાવી રીઝર્વ કોપી પ્રાપ્ત કરી તેમાં ઉત્તરો લખવા.
- જો રીઝર્વ કોપીનો ઉપયોગ કરવાનો થાય તો OMR (ઉત્તરપત્ર) માં બેઠક નંબરના ખાનામાં ઉમેદવારે પોતાનો મુળ બેઠક નંબર જ દર્શાવવાનો રહેશે.
- ઉમેદવારે આ OMR (ઉત્તરપત્ર)માં પોતાના હાથે બેઠક નંબર, પ્રશ્ન પુસ્તિકા નંબર અંગ્રેજી આંકડામાં તથા પ્રશ્નપુસ્તિકા કોડ અંગ્રેજીમાં છેકછાક / ભુલ વિના અચૂક દર્શાવવાનો રહેશે તથા વર્તુળને ડાર્ક પણ કરવાનું રહેશે. અન્યથા કોમ્પ્યુટર ઉત્તરપત્ર ચકાસી શકશે નહિં જેની જવાબદારી ઉમેદવારની રહેશે.
- પરીક્ષા પુરી થયા બાદ OMR (ઉત્તરપત્ર) વર્ગખંડ નિરીક્ષકને અવશ્ય પાછુ આપવુ.
- જવાબ લખવાની સૂચનાઓ માટે પાછળ જુઓ
- ઉમેદવારે નીચે આપેલ પ્રમાણપત્રમાં સહી કરવાની રહેશે. નિયત જગ્યાએ પ્રમાણપત્રમાં સહી કરેલ નહી હોય તો OMR Sheet "અમાન્ય" ગણી તપાસાશે નહી, જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

<table>
<tr><td rowspan="2">પ્રમાણપત્ર</td><td colspan="2">પ્રશ્નપત્ર તથા OMR Sheet મળેલ છે.</td><td colspan="2">હાજરી પત્રક અને ઉત્તરપત્રમાં ઉમેદવાર દ્વારા તમામ વિગતો ભરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>ઉમેદવારની સહી</td><td></td><td>વર્ગખંડ નિરીક્ષકની સહી</td><td></td></tr>
</table>


# OMR Sheetનો પાછળનો ભાગ

## જવાબ લખવાની સૂચનાઓ

- OMR Sheet ઉત્તરપત્રની તમામ વિગતો માત્ર વાદળી અથવા કાળી બોલપોઇન્ટ પેનથી જ ભરવી, તે સિવાયની રીતે ભરેલા OMR Sheet તપાસવામાં આવશે નહી.
- વર્તુળ પુરેપુરુ બોલપોઇન્ટ પેનથી ઘાટ્ટુ કરવુ. પેન્સિલનો ઉપયોગ કરવો નહીં.
- જવાબ સુનિશ્ચિત કર્યા બાદ જ વર્તુળમાં બોલપોઇન્ટ પેનથી ઘાટ્ટુ કરવુ.
- દરેક પ્રશ્નનો સાચો જવાબ આપવા માટે જે પ્રશ્ન ક્રમાંકની સામેનું વૈકલ્પિક જવાબનું ખાનુ સંપૂર્ણપણે નીચે દર્શાવેલી સાચી પધ્ધતિ મુજબ ઘાટ્ટુ કરવુ.




- એક વાર ઘાટ્ટુ કરેલ જવાબને બદલી શકાશે નહીં.
- ઉમેદવારે આ OMR ઉત્તર પત્રમા પોતાના હાથે બેઠક ક્રમાંક, પ્રશ્નપુસ્તિકા ક્રમાંક અંગ્રેજી આંકડામા તથા પ્રશ્ન પુસ્તિકા કોડ અંગ્રજીમા છેકછાક/ભુલ વિના અચુક દર્શાવવાનો રહેશે તથા વર્તુળને ઘાટ્ટુ કરવાનું રહેશે અન્યથા કોમ્પ્યુટર ઉત્તરપત્ર ચકાસી શકાશે નહી જેની જવાબદારી ઉમેદવારની રહેશે.
- ધારોકે તમારો બેઠક નંબર '1100001' પ્રશ્ન પુસ્તિકા નંબર '1100001' અને પ્રશ્ન પુસ્તિકા કોડ 'D' છે. તો તે નીચે નમુનામા દર્શાવ્યા મુજબ ફરજીયાત હાથથી લખવાનું તથા વર્તુળને ઘાટ્ટુ કરવાનું રહેશે.




- OMR ઉત્તર પત્રમાં ઉમેદવારે દર્શાવેલ પ્રત્યેક સાચા જવાબ દિઠ 1 (એક) ગુણ મળવા પાત્ર રહેશે.
- પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે .ઉમેદવારે તમામ પ્રશ્નનો પ્રયાસ કરવાનો રહેશે. OMR Sheetમાં છેકછાક વાળા જવાબો, ખોટા જવાબો, ખોટી પધ્ધતિથી ભરેલ જવાબો અથવા એકથી વધુ જવાબોના ગુણ મળવાપાત્ર રહેશે નહીં.

## પેપર-૨ (ગુજરાતી ભાષા)

## સુચનાઓ

1. ઉમેદવારના પ્રવેશપત્રનો બેઠક નંબર (Roll Number) તથા બારકોડ સ્ટીકર પરનો બેઠક નંબર (Roll Number) એક જ છે તે ચકાસીને ઉપર બતાવેલ બોકસમાં નિયત જગ્યાએ બારકોડ સ્ટીકર ચોટાડવુ. ત્યારબાદ ઉમેદવારે લખેલ નામ અને બેઠક નંબર (Roll Number) ઉપર નિયત કરેલ જગ્યાએ વર્ગખંડ ઇન્વીજીલેટરની સૂચના પ્રમાણે ખાખી/કાળા રંગનું સ્ટીકર તેના ઉપર ચોટાડવુ.
2. ઉમેદવારે નિયત જગ્યા સિવાય જવાબવહીના કોઇપણ ભાગમાં નામ, બેઠક નંબર (Roll Number) તખલ્લુસ દર્શાવવા નહિ કે કોઇ પણ પ્રકારની નિશાની કરવી નહિં.
3. ઉમેદવાર વાદળી કે કાળી બોલપેનથી ઉત્તરો લખી શકશે. પરંતુ તે સિવાયની કોઇ પણ રંગની શાહી, બોલપેન કે સ્કેચ પેનનો ઉપયોગ કરી શકશે નહિં.
4. ઉમેદવારે પેપર પૂર્ણ થયા બાદ જવાબવહી વર્ગખંડ ઇન્વીજીલેટરને સોંપતા પહેલા ખાતરી કરી લેવી કે તેના ઉપર વર્ગખંડ ઇન્વીજીલેટરની સહી થયેલ છે. વર્ગખંડ ઇન્વીજીલેટરની સહી વગરની જવાબવહી તપાસવામાં આવશે નહિં.
5. ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યામાં જ જવાબ લખવાના રહેશે.
6. ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યા સિવાય અન્ય જગ્યાએ ઉત્તરો લખેલ હશે તો તે તપાસવામાં આવશે નહિ તથા શૂન્ય ગુણ આપવામાં આવશે.
7. જે તે પ્રશ્નમાં માંગેલ જવાબોની સંખ્યા મુજબ પ્રથમ લખેલ જવાબો મૂલ્યાંકન અને ગુણપ્રદાન માટે ધ્યાને લેવાશે અને તે સિવાયના જવાબો માટે શૂન્ય ગુણ ગણવાના રહેશે.
8. જવાબ લખવા માટે અલગથી કોઇ પ્રકારની જવાબવહી / પુરવણી આપવામાં આવશે નહિં.
9. ઉમેદવારે જે પ્રશ્નનો ઉત્તર ના લખેલ હોય અથવા ખાલી જગ્યા રહેલ હોય ત્યાં ત્રાંસી લીટી કરવાની રહેશે.
10. ઉપર્યુકત સૂચનાઓમાં ભંગ કરનારને બોર્ડ યોગ્ય શિક્ષા કરી શકશે.
11. બેઠક નંબર (Roll Number) લખવામાં ઉમેદવાર ભૂલ કરશે તો ઉત્તરવહી તપાસવામાં આવશે નહિં.
12. આ પ્રશ્નપત્રમાં જવાબનું માધ્યમ ગુજરાતી રહેશે અને ઉમેદવારે તે જ માધ્યમમાં જવાબ આપવાના રહેશે અન્યથા જવાબવહી તપાસવામાં આવશે નહિં.